# એચઆઈવી વિશેની સલાહ અને પરીક્ષણમાં શું નવું છે?

### વધુ અનામી પરીક્ષણ સ્થળો

ઓન્ટેરીયોની સરકારે તાજેતરમાં વધુ 24 સ્થળોને અનામી પરીક્ષણ સુવિધા પૂરી પાડીને અધિકૃત કર્યા છે, કુલ સંખ્યા 50 ની કરી છે, અને રાજયના ઘણાં ભાગોમાં અનામી એચઆઈવી પરીક્ષણ ઉપલબ્ધતામાં વધારો કર્યો છે. જે ફિઝીશ્યન્સ એચઆઈવી પરીક્ષણ માટે સમય કે અનુભવ ધરાવતા નથી તેઓ દર્દીઓ જાહેર જાતીય સ્વાસ્થ્ય કલીનીક અથવા અનામી એચઆઈવી પરીક્ષણ કાર્યક્રમનું સૂચન કરી શકે છે. અનામી પરીક્ષણ સ્થળોનું સ્થાન અને ફોન નંબર્સ જાણવા માટે એઈડસ હોટલાઈનનો 416-392-2437 અથવા 1-800-668-2437; સંપર્ક કરો; ફ્રેન્ચ લાઈનઃ 1-800-267-7432.

#### ઓન્ટેરીયોનાં અનામી એચઆઈવી પરીક્ષણ સ્થળો કયાં છે?

*22 જાહેર સ્વાસ્થ્ય એકમોમાં.*

*16 સામાજિક સ્વાસ્થ્ય કેન્દ્રોમાં.*

*4 મિડવાઈફરી પ્રેકટીસીસમાં (તેમના ગ્રાહકો દ્વારા જ ઉપયોગ માટે).*

*3 જાતીય સ્વાસ્થ્ય કેન્દ્રોમાં.*

*5 અન્ય સ્થળો – એક હોસ્પીટલ, એક યૂથ એજન્સી, બે એબોરીજીનલ એજન્સીઝ અને એક પરીવાર સ્વાસ્થ્ય ટીમ.*

### વધુ અનુકૂળ પરીક્ષણ સ્થળો

આ પ્રકારના પરીક્ષણની સેવા પ્રદાનની પસંદગી માટે ધી મિનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ લોંગ–ટર્મ કેર દ્વારા અનામી એચઆઈવી પરીક્ષણ સ્થળો, જાહેર સ્વાસ્થ્ય જાતીય સ્વાસ્થ્ય કલીનીકસ અને સામાજિક સ્વાસ્થ્ય કેન્દ્રો ખાતે નિઃશુલ્ક એચઆઈવી પરીક્ષણો સંભાળ કેન્દ્ર ઊભું કરવામાં આવી રહ્યું છે. સંભાળ કેન્દ્ર પરીક્ષણ સાથે, નકારાત્મક અભિગમ ધરાવતા લોકો પરીક્ષણ કરાવ્યાની થોડી જ મીનીટોમાં પરીણામ જાણી શકશે. લોકો કે જે સંભાળ કેન્દ્ર માટે પ્રતિક્રિયાત્મક પરીક્ષણ કરાવે છે તેમણે ચોક્કક લેબોરેટરી પરીક્ષણનો ઉપયોગ કરી પુષ્ટિકતા પરીક્ષણ કરાવેલ હોવું જ જોઈએ, અને તેમના પરીણામો માટે બે અઠવાડિયાં માટે રાહ જોવી ફરજિયાત છે. (નોંધઃ પરીક્ષણના પરીણામો મેળવવાનો સમય વિવિધ રાજ્યો વચ્ચે અલગ અલગ હોઈ શકે છે.) વધુમાં, હવે જાહેર સ્વાસ્થ્ય લેબોરેટરી નિયમિત રીતે કોઈપણ પરીક્ષણ નમૂના પર p24 એન્ટિજેન પરીક્ષણો કરે છે જ્યાં લેખિત માગણી પત્રક દર્શાવે છે કે વ્યકિત વિન્ડો તબક્કામાં છે, રોગચિહ્નયુકત છે અને ગંભીર જોખમ પ્રદર્શિત કરે છે.

### જોખમો વિશે વધુ જાણકારી

આપણે જાણીએ છીએ કે

- મોટી વયની સ્ત્રીઓ કરતાં નાની વયની સ્ત્રીઓ (જેમ કે, 18 વર્ષથી ઓછી વયની) એચઆઈવીગ્રસ્ત થવાનું વધુ જોખમ ધરાવે છે કારણકે 18 વર્ષની વય સુધી ગર્ભાશયના કોષો વિકસીત હોતા નથી.
- અન્ય જાતીય રીતે પ્રસરતા ચેપો (STIs)ની હાજરી, સ્ત્રી અંતઃસ્ત્રાવના સ્તરો, ઊંજણની ખામી અને ઉત્તેજક પદાર્થોના ઉપયોગથી ચામડીનું પાતળું પડ પ્રભાવિત થાય છે.
- નીચું વાયરલ ભારણ એચઆઈવી ફેલાવવાનું જોખમ ઘટાડે છે પરંતુ નાબૂદ કરતું નથી. ચેપપ્રતિરોધક દવાઓ જનીનીક માર્ગમાં એચઆઈવીને દબાવી દેવા માટે હંમેશા ઉચ્ચ પર્યાપ્ત સ્તર સુધી પહોંચી શકતી નથી. જો વ્યકિત એક અન્ય જાતીય પ્રસરણ ચેપ ધરાવતી હોય તો જોખમ વધી જાય છે.
- અન્ય દવા સાધન (સોંય સિવાય) જેવાં કે કુકર્સ, ફિલ્ટર્સ, પાણી, આલ્કોહોલ પોતાં, રકતસ્ત્રાવ અટકાવવાના સાધનો, તિરાડયુકત નળીઓ, કાચની નળીઓ ઈ.નો સહિયારો ઉપયોગ કરવાથી એચઆઈવી ફેલાવાનું જોખમ વધી જાય છે.

### સામાજિક નિર્ણાયક બાબતો/જોખમો વિશે ઊંડી સમજ

સ્વાસ્થ્યના સામાજિક નિર્ણયો જેવા કે ગરીબી, ઘર, સંબંધોમાં શકિતનું અસંતોલન, ડ્રગ અથવા આલ્કોહોલનો ઉપયોગ અને પૂર્વગ્રહો દ્વારા સલામત જાતીય સંબંધ અને દવાની ચર્ચા અને તેના ઉપયોગ વિશેની લોકોની ક્ષમતા પ્રભાવિત થાય છે. લોકો દ્વારા સામનો કરવાની બાબતો વય, જાતીય કેન્દ્રીયકરણ, સંસ્કૃતિ અને વંશ અનુસાર વારંવાર બદલાતી હોય છે.

Ontario

અસરકારક પ્રતિરોધક સલાહમાં આ તમામ મુદ્દાઓ ધ્યાનમાં લેવા જ જોઈએ. (વસતિના ચોક્કસ મુદ્દાઓની ટૂંકી ચર્ચા માટે પરિશિષ્ટ 2 જુઓ.)

## અન્ય STIs અને હિપેટાઈટસ C નું પરીક્ષણ

એચઆઈવીનું જોખમ ધરાવતા લોકોનો એક અર્થસભર ભાગ અન્ય STIs અને હિપેટાઈટસ C નું પણ જોખમ ધરાવે છે. એચઆઈવી પરીક્ષણ માટે હાજર રહેતી કોઈપણ વ્યક્તિને અન્ય STIs અને હિપેટાઈટસ C ના જોખમો વિશે પણ સલાહ આપવી જોઈએ અને તેનું પરીક્ષણ કરવું જોઈએ.

## એચઆઈવી પરીક્ષણ માટે જરૂરી સમય

એચઆઈવી પરીક્ષણ પૂર્વેની વાટાઘાટો થી મીનીટોમાં પૂર્ણ થઈ જશે, આમછતાં ગ્રાહકની સમજણના સ્તર અને અન્ય જરૂરિયાતોના આધારે આ સમય અલગ અલગ રહેશે.

## ભાવિ સાથીદારો સમક્ષ ખુલાસો કરવાની કાયદાકીય આવશ્યકતા

છેલ્લાં કેટલાક વર્ષોથી, એચઆઈવી ધરાવતા ઘણાં બધા લોકો તેના સાથીને પોતાથી એચઆઈવી સ્થિતિ વિશેની જાણ કર્યા વિના, એચઆઈવી ફેલાવવાનું નોંધપાત્ર જોખમ ઊભી કરતી જાતીય પ્રવૃત્તિમાં જોડાવા બદલ દોષી અથવા ગુન્હેગાર જાહેર કરવામાં આવ્યાં છે. એચઆઈવી પરીક્ષણમાં પોઝીટીવ જાહેર થતા લોકો તેઓ નોંધપાત્ર જોખમ ઊભું કરતી પ્રવૃત્તિઓ જેમ કે, બિનસલામત યોની કે ગુદા મૈથુનમાં જોડાય તે પહેલાં તેમના જીવનસાથીને જાણ કરવાની ફરજિયાત સલાહ આપવી જોઈએ – અન્યથા સાથીની જાતીયતાથી ઈચ્છા માન્ય ગણાતી નથી અને એચઆઈવી ધરાવતી વ્યક્તિને સજા થઈ શકે છે. કાયદો હજુ સુધી નોંધપાત્ર જોખમ ઊભું કરતી અન્ય પ્રવૃત્તિઓ અંગે સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. ભાવિ સાથીદાર સાથે એચઆઈવીની સ્થિતિની સ્પષ્ટતા કરવાની કાયદાકીય આવશ્યકતા વિશેની વધુ સલાહ માટે એચઆઈવી એન્ડ એઈડસ લીગલ કલીનીક (ઓન્ટેરીયો) (HALCO): 416-340-7790; 1-888-705-8889; www.halco.org. નો સંપર્ક કરો.

## ભાષાકીય બાબતો વિશે મદદ

એઈડસ હોટલાઈન18 ભાષાઓમાં માહિતી પૂરી પાડે છે અને જ્યારે સલાહકારો, ગ્રાહકોની ભાષા ન બોલી શકતા હોય ત્યારે ભાષાંતર અને દુભાષિયાની સેવા પૂરી પાડવા માટે કર્મચારીગણ ધરાવે છે. તેઓ એચઆઈવી પરીક્ષણ મુદ્દાઓથી સારી રીતે માહિતીગાર છે અને ઉત્તમ સ્ત્રોત છે. (એઈડસ હોટલાઈન નંબર્સ: 416-392-2437 અથવા 1-800-668-2437; ફ્રેન્ચ લાઈનઃ 1-800-267-7432.)

**જાન્યુઆરી 2008માં, આ ભાષાઓમાં સેવાઓ પૂરી પાડેલ છે:**

*આર્મેનીયન*
*બંગાળી*
*કેન્ટોનીઝ*
*ઈંગ્લીશ*
*ફિલીપીનો*
*ફ્રેન્ચ*
*હક્કા*
*હિન્દી*
*મંડેરીન*
*પોર્ટૂગીઝ*
*રશિયન*
*સિંહાલીઝ*
*સ્પેનીશ*
*સ્વાઈલી*
*તામિલ*
*ઉર્દૂ*
*વિએટનામીઝ*

## સાથીને સ્પષ્ટીકરણ વિશે મદદ

સાથીને સ્પષ્ટીકરણ વિશેની વધુ વિસ્તૃત માર્ગદર્શનોના વિકાસ માટેના ક્ષેત્રમાં એઈડસ બ્યુરો કાર્યરત છે જે સલાહકારોને અટપટાં મુદ્દાઓના ઉપાય માટે મદદ કરશે.

## અન્ય તપાસયાદિઓ અને સાધનો

એચઆઈવી સલાહ અને પરીક્ષણ માટે ધી મિનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ લોંગ–ટર્મ કેરના માર્ગદર્શનોમાં ઘણાં બધા સાધનો જેવા કે તપાસ–પૂર્વેની સલાહની તપાસયાદિ, સલામત જાતીય માર્ગદર્શનોની એક ઝાંખી, એક પોઝીટીવ પરીક્ષણ પરીણામ વિશે સલાહ અને સુચનો.

**SayYesToKnowing.ca**
પરથી પરીક્ષણ વિશે વધુ જાણો.

Gujarati Catalogue No. CIB-6153522 March/08 © Queen's Printer for Ontario